**રેગ્યુલર દીવાની દાવા નં.૨૪૪/૨૦૨૨**

**આંક–૧ લગત હુકમ**

હાલનો દાવો આ કામે વાદી દ્ધારા જાહેરાત તથા કાયમી મનાઈ હુકમ મેળવવા માટે તા.૨૯/૦૯/૨૦૨૨ ના રોજ દાખલ કરવામાં આવેલ છે. વાદીના દાવા વિરૂધ્ધ આ કામે પ્રતિવાદી તર્ફે આંક.૧૧ થી જવાબ રજુ કરવામાં આવેલ છે. ત્યારબાદ તા.૧૦/૦૭/૨૦૨૫ ના રોજ વાદી તર્ફે આંક.૫ ની કામ ચલાઉ મનાઈ હુકમની અરજી નોટપ્રેસ કરતા તેને ફેંસલ કરવામાં આવેલ છે. ત્યારબાદ આ કામે તા.૧૬/૦૪/૨૦૨૬ ના રોજ આંક.૧૫ થી મુદ્ધા ફ્રેમ કરવામાં આવેલ છે પરંતુ ત્યારબાદ આ કામે વાદી પુરાવો રજુ કરવા માટે જાતે કે વકીલ મારફતે કોર્ટ સમક્ષ હાજર ન રહેતા વાદીને અત્રેથી નોટીસ ઈસ્યુ કરવામાં આવેલ છે જે નોટીસ વાદીને આંક.૧૬ થી બજી ગયેલ હોવા છતા આજ રોજ વાદી કે તેમના વકીલશ્રી કોર્ટ સમક્ષ હાજર રહેલ નથી કે તેઓ તર્ફે કોઈ લેખીત કે મૌખીક રજુઆત પણ કરવામાં આવેલ નથી. દાવાનું રેકર્ડ ધ્યાને લેતા આ કામે મુદા ફ્રેમ થયા બાદ વાદીને પુરાવા રજુ કરવા માટેની નોટીસ બજી ગયેલ હોવા છતા વાદી પુરાવો રજુ કરવા માટે કોર્ટ સમક્ષ હાજર રહેલ ન હોય વાદીને હાલના દાવાની કાર્યવાહી આગળ ચલાવવાનો રસ રહેલ ન હોવાનુ માનવાને કારણ રહેતુ હોય હાલનો દાવો વાદીની ગેરહાજરી તથા પુરાવા રજુ કરવામા કસુરને કારણે ડીસમીસ ફોર ડીફોલ્ટ કરવાનો હુકમ કરવામાં આવે છે.

તારીખ.૨૯/૦૫/૨૦૨૬

(કુનાલ રાજેશભાઈ રાઠોડ)
એડીશનલ સીનીયર સીવીલ જજ
પોરબંદર
(કોડ નં. જીજે–૦૧૧૨૯)